ગાંધીનગર સમાચાર



# સિવિલનું સીટી સ્કેન મશીન છેલ્લા એક મહિનાથી બંધ

## ગુરુવારે ૨ કલાક એકસ રે મશીન બંધ થઈ જતા દર્દીઓની કતારો લાગી

સિવિલમાં એક્સ રેની હાલત કફોડી બની ગઈ છે. મશીનનો મુડ હોય તો ચાલુ થાય અને ના હોય તો ના થાય પરિણામે અનેક દર્દીઓને ભાગેલા તુટેલા હાડકા સાથે કતારમાં ઉભું રહેવું પડે છે. ગુરુવારે બે કલાક એકસ રે મશીન બંધ થઈ જતા અનેક દર્દીઓને હાલાકીનો સામવો કરવો પડયો હતો. બપોરના બે કલાક બાદ એન્જીનીયરને બોલાવ્યા બાદ રીપેરીંગ કરતા ચાલુ થયું હતું.

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં અતિ ઉપયોગી સીટી સ્કેન મશીન છેલ્લા એક મહિનાથી બંધ હાલતમાં છે. સીટી સ્કેન માટે આવતા દર્દીઓને ધરમધક્કા થાય છે. સિવિલમાં દર્દીઓને એકસ-રે, સોનોગ્રાફી અને સીટી સ્કેન મશીનની જરૂરીયાત ઉભી થવા પામે છે. ત્યારે મહત્વના મશીન જ આંતરે દિવસે બંધ હોય છે. કોર્પોરેટ હોસ્પિટલ જેવી સિવિલમાં રોજ ધાંધીયાથી દર્દીઓ પણ તૌબા પોકારી ઉઠ્યા છે. મશીન બંધ હોવાથી દર્દીઓને હજ્જારો રૂપીયા ખર્ચી ખાનગીમાં રિપોર્ટ કરાવવાની ફરજ પડે છે. સિવિલમાં સીટી સ્કેન મશીન ત્વરીત શરૂ કરવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દર્દીઓથી ઉભરાય છે. મેડીકલ કોલેજ બનતા દર્દીઓને મળતી માળખાકીય સુવિધામાં વધારો કરવામાં આવ્યો છે જેને પરિણામે દર્દીઓની પ્રથમ પસંદગી ગાંધીનગર સિવિલ બનતી જાય છે. શહેરી તેમજ ગ્રામિણ વિસ્તાર સહિત આસપાસના જિલ્લામાંથી પણ દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવતા હોય છે. માર્ગ અકસ્માતમાં કે અન્ય રીતે માથાના ભાગે ઈજા પહોંચેલા દર્દીઓ ગાંધીનગર સિવિલમાં આવતા હોય છે. દર્દીને માથાના ભાગે ઈજા હોવાથી સીટી સ્કેન કરાવાય છે ત્યારે સિવિલમાં સીટી સ્કેન મશીન છેલ્લા એક મહિનાથી બંધ હાલતમાં છે. સિવિલના અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ મશીનની હાર્ડ ડીસ્ક ખરાબ હોવાથી બંધ છે કયારે શરૂ થશે તે કહેવા કોઈ સિવિલ સત્તાધીશ તૈયાર નથી. કોર્પોરેટ લુક ધરાવતી સિવિલમાં દર્દીઓને અતિ ઉપયોગી સેવા એકસ-રે, સોનોગ્રાફી અને સીટી સ્કેન આ ત્રણેય સેવા કયારે બંધ થાય છે અને ક્યારે શરૂ તે કોઈ અધિકારીને પણ ખબર હોતી નથી.




સિવિલમાં કરોડો રૂપીયાનો ખર્ચ સરકાર દ્વારા કર્યો હોવા દર્દીઓને યોગ્ય સારવાર ઉપલબ્ધ થતી નથી. દર્દીઓને ખાનગીમાં સીટી સ્કેનના હજ્જારો રૂપીયા ખર્ચવા પડે છે. સિવિલમાં સીટી સ્કેન મશીન હોવા છતા આ પરિસ્થિતિ નિર્માણ પામે છે. સીટી સ્કેન મશીન ટુંક સમયમાં શરૂ થાય તેવું લાભાર્થીઓ ઈચ્છી રહ્યા છે.

## @ગાંધીનગર

● ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસ પીઠે રાત્રે ૮.૦૦ કલાકે શ્રી સોમનાથ મહાદેવ મંદિર પાસે, બારોટવાસ-દહેગામ ખાતે જાહેરમાં સુંદરકાંડના પાઠ યોજાશે. સૌ ભકતોને હાજર રહેવા હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે.

## સરગાસણ નજીક નજીવી બાબતે કાર ચાલકને અન્ય કાર ચાલકે ઢીબી નાખ્યો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર નજીક સરગાસણ ચોકડી પાસે બે કાર વચ્ચે નજીવો અકસ્માત થયો હતો. આથી ટકકર મારનાર કારનો ચાલક ગભરાઈ જતા કાર લઈ પુરપાટ ઝડપે સેકટર-૪ના રહેણાંક વિસ્તારમાં ઘુસી ગયો હતો જયાં પાછળ પાછળ ટકકરનો ભોગ બનનાર કારનો ચાલક પણ પીછો કરી સેકટર-૪ સુધી પહોંચી ગયો હતો અને આખરે કાર ચાલક હાથમાં આવી જતા ટકકર મારનાર કાર ચાલકને માર મારી ભૂત બનાવી દીધો હતો. જો કે આ બનાવ મામલે કોઈ જ પોલીસ ફરિયાદ થવા પામી નથી. આ બનાવ સ્થળે છુટા હાથની મારામારી થતા ટકકર મારનાર કાર ચાલકને ઘણા બધા રહીશોએ પણ ટપલી દાવ કર્યો હતો અને મફતની મજા લીધી હતી.

# વાવોલમાં પ્રીમીયર લીગનો પ્રારંભ

## સતત ચોથા વર્ષે નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ૧૮૭ ટીમોએ ભાગ લીધો : ગાંધીનગર, સાબરકાંઠા, અરવલ્લી, અમદાવાદ, ખેડા, મહેસાણા અને પાટણના ખેલાડીઓ વાવોલ ક્રિકેટ મેચ રમવા આવશે






ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેર નજીક આવેલા વાવોલ ગામમાં જય અંબે ગ્રુપ દ્વારા પ્રીમીયર લીગ-૨૦૧૬ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આજે સાંજે ગ્રામજનોની હાજરીમાં ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ લીગમાં અંદાજે ૧૮૭ જેટલી ટીમોએ ભાગ લીધો છે. વાવોલ ગામના આંગણે ૭ જિલ્લાના ખેલાડીઓ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટમાં રમવા માટે પધારશે.

ગાંધીનગર શહેર પાસે આવેલા વાવોલ ગામના જય અંબે ગ્રુપના સભ્યો દ્વારા સતત ચોથા વર્ષે વાવોલ પ્રીમીયર લીગ - ૨૦૧૬નું આયોજન કરવામાં આવ્યું છે. આ લીગ મેચ ૪૫ દિવસ સુધી ચાલશે તેમજ સાંજે ૭ થી ૧૧ કલાક દરમિયાન મેચ રમાશે. વાવોલ ગામના સન્ની પટેલ, દિપુ પટેલ, રિપલ પટેલ, મિલન શર્મા તેમજ અન્ય મિત્રોએ ભેગા મળીને સતત ચોથા વર્ષે લીગ મેચનું આયોજન કર્યું છે. આ નાઈટ ક્રિકેટ મેચમાં અંદાજીત ૧૮૭ જેટલી ટીમો રજીસ્ટર થવા પામી છે. વાવોલના આંગણે આયોજીત પ્રીમીયર લીગમાં અમદાવાદ, ગાંધીનગર, ખેડા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાંથી ખેલાડીઓ આવશે. વાવોલ ગામમાં રાત્રીના સમયે ચોક્કા અને છક્કાની રમઝટ બોલાશે અને રાત્રી મેચ જોવા પણ મોટી સંખ્યામાં આસપાસના ગામોમાંથી તેમજ શહેરીજનો પણ આવે છે. ગત વર્ષે લીગ મેચમાં ૧૩૫ ટીમોએ ભાગ લીધો હતો જયારે આ વર્ષે ક્રિકેટની મૌસમ હોવાથી ટીમોમા પણ વધારો થવા પામ્યો છે. ગાંધીનગર શહેર નજીક ઉનાળાના પ્રારંભે શરૂ થનાર પ્રથમ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ છે. આ લીગ મેચમાં પ્રથમ ક્રમે વિજેતા ટીમને રૂ.૩૧૦૦૦ રોકડ અને ટ્રોફી તેમજ રર્નસ ટીમને રૂ.૧૫૦૦૦ રોકડ પુરસ્કાર અને ટ્રોફી એનાયત કરવામાં આવશે. આ લીગ મેચના સુંદર આયોજન બદલ યુવાનોને ગામના આગેવાનોએ અભિનંદન પાઠવ્યા હતા.

# શહેરમાં ડો. આંબેડકર વિચાર સપ્તાહનું આયોજન

ગાંધીનગર, તા.૪

ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ ઉજવણી નિમિતે આગામી તા.૭ થી ૧૪ એપ્રીલ દરમિયાન દલિત સાહિત્ય વિમર્શ મંચ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે ડો. આંબેડકર વિચાર સપ્તાહનું આયોજન ડો.આંબેડકર હોલ સેકટર-૧૨ ખાતે કરવામાં આવ્યું છે. આ સપ્તાહમાં નામાંકિત વકતાઓ ડો. આંબેડકર લિખિત ગ્રંથો વિષે પરિચયાત્મક વકતવ્યો રજુ કરશે.

ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ નિમિતે યોજાનાર આ કાર્યક્રમમાં તા.૭ ના રોજ ભરત દેવમણી અસ્પૃશ્યો અને અસ્પૃશ્યતા રાજકીય, તા.૮મી એ જી.કે.રોઠોડ અસ્પૃશ્યો અને અસ્પૃશ્યતા સામાજીક, તા.૯ ના રોજ નટુભાઈ પરમાર અસ્પૃશ્યો અને અસ્પૃશ્યતા ધાર્મિક, તા.૧૦મી એ ભરત દેસાઈ ડો. આંબેડકર સાઈમન કમિશનની સાથે, તા.૧૧ ના રોજ સાહિલ પરમાર શ્રી ગાંધી અને અસ્પૃશ્યોની મુકિત, તા.૧૨મી એ રમણ વાઘેલા અસ્પૃશ્યો ભારતની બહીષ્કૃત વસાહતોના વર્ણ બહારના લોકો, તા.૧૩ ના રોજ પ્રવીણ ગઢવી રસેલ અને સમાજનું પુનર્નિર્માણ ગ્રંથ પર જયારે ૧૪મી એપ્રીલને ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિના દિવસે હરીશ મંગલમ ડો. આંબેડકર ગોળમેજી પરિષદમાં ગ્રંથ પર વક્તવ્યો રજુ કરશે. આંબેડકર હોલ ખાતે તા.૭ થી ૧૪ દરમિયાન તમામ વક્તવ્યો સાંજે ૫:૩૦ કલાકે યોજાશે. આ સપ્તાહમાં ગાંધીનગરની સમાજપ્રેમી, સાહિત્યપ્રેમી જાહેર જનતાને અને ડો. આંબેડકરના ચાહકોને દલિત સાહિત્ય વિમર્શ મંચ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવે છે.

## વાતવાતમાં

● સિવિલ હોસ્પિટલમાં સોમવારની ભીડના કારણે વધુ એક તકરારનો બનાવ બન્યો હતો. 'હું તારા કરતા લાઈનમાં આગળ હતો અને તે પહેલો પાટો કેમ બંધાવી દીધો' કહી ઝઘડી પડેલા બે દર્દીઓ વચ્ચેની માથાકૂટ હાથા પાઈ સુધી પહોંચી જવા પામી હતી.

● ગાંધીનગરના એસ.ટી.ડેપોના મેનેજરના રહેઠાણ માટે ફાળવાયેલ ક્વાટર્સનું રિનોવેશન કાર્યચાલી રહ્યુંછે. ક્વાટર્સ રિનોવેશન થઈ જાય એટલે મુસાફરોને પડતી અગવડો અંગે પણ ધ્યાન અપાય તેવી અપેક્ષાઓ સેવાઈ રહી છે.

● ગાંધીનગરની જીઈએમઆરઈ મેડિકલ કોલેજ ખાતે ભરતી પ્રક્રિયા હજુ ચાલુ જ છે. હાલ લેબ ટેકનિશિયન્સ માટેના ઈન્ટરવ્યુ ચાલી રહ્યા છે.

● સેકટર-૫માં સીએનજી પંપ તરફ જવાના માર્ગની સામેના ભાગે સર્જાયેલ અકસ્માતમાં સ્કૂટર ચાલકને વાહનચાલકે પાછળથી ટકકર મારી હતી. સદભાગ્યે આ અકસ્માતમાં કોઈને ગંભીર ઈજા થઈ નહોતી.

● શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચને તેમના જન્મદિને નગરજનોએ શુભેચ્છાઓનો ધોધ વરસાવ્યો હતો. હંમેશા સેવાકીય પ્રવૃત્તિઓમાં સતત અગ્રેસર એવા અરૂણ બુચને નગરજનોએ શતમ જીવ શરદઃની શુભકામનાઓ પાઠવી હતી.

## અખિલ ભારતીય યદુવંશી મહાસભાના ગાંધીનગરના હોદેદારો નિમાયા

ગાંધીનગર, તા.૪

ભારતભરના જુદા જુદા રાજયોમાં વસતા યદુવંશી આહિર સમાજ દ્વાર રાષ્ટ્રીય કક્ષાનાં હોદેદારોની વરણી કરવામાં આવી છે. જેમાં ગાંધીનગરના દિનેશભાઈ વલ્લભભાઈ વાળાની ગાંધીનગર જિલ્લા યુવા અધ્યક્ષ સ્થાને તથા ગીરીશભાઈ એમ આહિરની ગાંધીનગર મહાસચિવ તરીકે વરણી કરવામાં આવી છે.જયારે ગાંધીનગરના રહેવાસી રામભાઈ નંદાણીયાની સભાની ગુજરાત શાખાના સચિવ તરીકે વરણી કરવામાં આવી છે. ગાંધીનગરના હોદેદારોએ યદુવંશી સમાજને અભિનંદન પાઠવ્યા હતા.

## ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા સ્વ. જય ગજ્જરને શ્રધ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર સાહિત્ય સભાએ સ્વ. જય ગજ્જરના અવસાન નિમિત્તે ઘેરા દુઃખની લાગણી વ્યકત કરી તેમનો શ્રધ્ધાંજલિ પાઠવી છે.

ઉલ્લેખનીય છે કે જય ગજ્જર એ ગાંધીનગર સાહિત્ય સભાના આજીવન સભ્ય હતા. સાહિત્ય સભાના અગ્રણી ભરત કવિ, સુરેશ ભટ્ટ, નટવર હેડાઉ, મુળજીભાઈ પરમાર, સંજય થોરાત, હરેશ ભટ્ટ, મહેન્દ્રભાઈ રાઠોડ, ભાનુપ્રસાદ પુરાણી, દોલતભાઈ ભટ્ટ અને પ્રજ્ઞાબેન પટેલે સદ્‌ગતને શ્રધ્ધાંજલિ અર્પતાં જણાવ્યું છે કે સ્વ. જય ગજ્જરના નિધનથી ગાંધીનગર ને ગુજરાતે એક સક્ષમ સાહિત્યકાર તો ગૂમાવ્યો જ છે, પરંતુ સાથે-સાથે એક સંવેદનશીલ સર્જક અને મિત્ર પણ ગુમાવ્યો છે.

# હવે સામુહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પણ પોસ્ટમોર્ટમ થશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરી વિસ્તાર તેમજ આસપાસમાં આવેલા ગામોમાં અકસ્માતમાં મૃત્યુ કે અપમૃત્યુ થયેલ મૃતદેહને ગાંધીનગર સિવિલમાં પીએમ અર્થે લાવવામાં આવતા હતા. જયારે શહેર કે જિલ્લામાં વધુ પડતી ઘટનાને લઈ મૃતદેહો વધુ આવતા પીએમ માટે અમદાવાદ પણ મોકલવાની ફરજ પડતી હતી. જયારે વધુ પડતા મૃતદેહના પીએમને લઈ ડેડબોડી મેળવવામાં પણ વિલંબ થતો હતો. તેવા સમયે ગુજરાત સરકારે બહાર પાડેલા પરિપત્રને લઈ હવે શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં મૃતદેહનું પીએમ જે તે વિસ્તારમાં આવેલ સામુહિક તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં તબીબી અધિકારી દ્વારા પીએમની કામગીરી કરવામાં આવશે.

આરોગ્ય વિભાગના પરિપત્રમાં જણાવ્યા મુજબ દવાખાનામાં દિવસ અને રાત્રે પણ પોસ્ટમોર્ટમની કામગીરી કરવામાં આવે છે. મૃત્યુનુ કારણ શંકાસ્પદ હોય તેવા કિસ્સામાં જ દિવસે પોસ્ટમોર્ટમ થઈ શકે છે. જે સ્થળ પર હોસ્પિટલ ના હોય તેવા સંજોગોમાં ગ્રાન્ટ ઈન એઈડ મેળવતી સ્વૈચ્છીક સંસ્થાઓએ પણ પીએમની કામગીરી કરવાની રહેશે. જે તે કેન્દ્ર ખાતે પ્રકાશની જરુરી વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરી રાત્રી દરમ્યાન પોસ્ટમોટમ કરવા જણાવાયું છે. અકસ્માત વખતે તાત્કાલીક પીએમ થવુ જોઈએ અને ડેડબોડી પહોંચાડવાની વ્યવસ્થા પણ તરત થવી જોઈએ. જયારે પોઈઝન કેસ સિવાય પીએમ તુરંત કરવાનુ અને સંબંધીને સમય મર્યાદામાં નિયમોનુસાર પ્રમાણપત્ર આપવાનું જણાવાયું છે. કોઈ પણ કેન્દ્ર કે હોસ્પિટલમાં પીએમ કીટ જરૂરી સાધનો ખુટતા હોય તો તાત્કાલીક ઉપલ્બધ કરવાના રહેશે તેમજ પીએમ રૂમ ના હોય તો વૈકલ્પિક વ્યવસ્થા કરીને પણ પીએમ કરવાનું અને પીએમ રૂમ અંગે જરૂરી કાર્યવાહી કરવાની રહેશે. પીએમની વ્યવસ્થા ન હોવાના કારણે અન્ય હોસ્પિટલમાં મૃતદેહ ખસેડવા નહી તેવું જણાવાયું છે.

# જન અધિકાર મંચ મનપાની ચુંટણીમાં ઝંપલાવશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ગાંધીનગરમાં અત્યારે હાલ રાજકીય સળવળાટ જોવા મળી રહ્યો છે. શહેરમાં ચુંટણીને લઈ રાજકીય આગેવાનો અને કાર્યકર્તાઓ રાત દિવસ એક કરી રહ્યા છે. ત્યારે આ ચુંટણીમાં રાજકીય પક્ષો સહિત વિવિધ મંચ પણ ચુંટણી લડવા આતુર બન્યા છે. ત્યારે મનપાની યોજાનારી આગામી ચુંટણીમાં ગુજરાત જનઅધિકાર મંચના ઉમેદવારો પણ ચુંટણીમાં ઝંપલાવવા આતુર બન્યા છે.

ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીમાં ગુજરાત જન અધિકાર મંચના ઉમેદવારોને પાલિકાની ચુંટણીમાં ઉતારવા ઉગ્ર લોક માંગ ઉઠી છે. ગુજરાત જન અધિકાર મંચ દ્વારા તમામ કર્મચારી અને યુવાનોને સાથે લઈને લાંબા સમયથી ફિકસ વેતન નાબુદ કરવા, કોન્ટ્રાકટ- માનદ વેતન, લઘુતમ વેતન, રોજમદાર કર્મચારીને કાયમી કરવા, કાયમી કર્મચારીના સીસીસી અને ગ્રેડ-પે સહિતના મુદ્દાઓ માટે લડત આપવામાં આવે છે. જયારે યુવાનોને રોજગારી અપાવવા અને જનતાના સ્વાસ્થ્ય માટે તેમજ કર્મચારીઓના બીજા તમામ પ્રશ્નોને લઈને લડત ચલાવવામાં આવે છે. પરંતુ આજ દિન સુધી કર્મચારીઓ અને યુવાનોના પ્રશ્નોને લઈને કોઈ સકારાત્મક નિરાકરણના આવતા કર્મચારીઓમાં સરકાર પ્રત્યે ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે આ રોષને લઈને ગાંધીનગર મહાનગર પાલિકામાં મંચના ઉમેદાવારોને ઉભા રાખી સરકારને વળતો જવાબ આપવા માંગ ઉઠવા પામી છે. શહેરમાં મોટાભાગના કર્મચારીઓ રહેતા હોવાથી મત કર્મચારીઓના વધુ છે અને મંચ કર્મચારીઓ માટે સતત લડત આપતું રહ્યું છે. મંચની લડતના પગલે કર્મચારીઓને પગાર વધારો, રજા તેમજ અન્ય લાભો, બે વર્ષના સમયગાળાનો વધારો તેમજ બીજા અનેક લાભ પણ થયા છે. જો જન અધિકાર મંચના ઉમેદાવારો પાલિકાની ચુંટણીમાં મેદાનમાં ઉતરશે તો રાજકીય પક્ષોને વોટ બેંક ટકાવી રાખવા ભારે મહેનત કરવી પડશે અને તમામ પક્ષો માટે ચિંતાનો વિષય બની રહેશે તેવું મંચના સભ્યોનું માનવું છે. આ અંગે જન અધિકાર મંચના પ્રમુખ પ્રવીણ રામ જણાવે છે કે અમારી કર્મચરીઓના પ્રશ્નોને લઈને લાંબા સમયથી લડત બાદ પણ સરકાર દ્વારા યોગ્ય નિર્ણય ના લેવાતા મંચના ઉમેદવારોને ઉભા રાખવાની ઉગ્ર લોકમાંગ ઉઠવા પામી છે. આ બાબતે ચર્ચા વિચારણા ચાલી રહી છે. આગામી સમયમાં કર્મચારીઓ અને જનતાની માંગને ધ્યાને લઈ આ બાબતે યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

## હરિદ્વાર ખાતે શિવ મહાપુરાણ કથા યોજાશે

શ્રી કષ્ટભંજન ગોદડીયા હનુમાનજી ભકતો અને સુંદરધામ પરિવાર દ્વારા ભવ્ય શિવકથાનું આયોજન શ્રાવણમાસમાં તા.૨૦-૮-૧૬ થી તા.૩૦-૮-૧૬ સુધી કરવામાં આવ્યું છે. યુવા કથાકાર ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે વિશકથા હરિદ્વાર ખાતે આયાજીત આ યાત્રામાં જોડાવા ઈચ્છુક ભકતોએ તા.૧૫-૪-૧૬ સુધીમાં ફોર્મ જમા કરાવા જણાવાયું છે.

# માત્ર ૧૫ વર્ષનો કિશોર નંદાદેવી શિખર સર કરશે!!

## સે-૨૩ના સ્વામિનારાયણ ગુરુકુળના ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતો ચિલોડાનો હેત જાની ૨૧ હજાર ફુટની ઉંચાઈ સર કરશે : નંદાદેવી ભારતનું બીજા નંબરનું સૌથી ઊંચુ શિખર છે

ચિલોડા, તા.૪

'ભોમિયા વિના મારે
ભમવા'તા ડુંગરા,
જંગલની કુંજ કુંજ જોવી'તી,
જોવી'તી કોતરોને, જોવી'તી કંદરા,
રોતા ઝરણાની આંખ લ્હોવી હતી.'

કવિ ઉમાશંકર જોશીની આ પંકતિઓ એક એવા યુવા માનસને પ્રસ્તુત કરે છે જે આત્મ વિશ્વાસ અને સાહસથી છલોછલ છે. ગાંધીનગરના સે-૨૩ના સ્વામિનારાયણ ગુરુકુળના ધોરણ-૧૧ના વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતો હેત જાની નામનો માત્ર ૧૫ વર્ષનો તરવરિયો કિશોર આગામી તા. ૨૧મી એપ્રિલે ભારતના બીજા નંબરના સૌથી ઊંચા શિખર નંદાદેવીને સર કરવા જઈ રહ્યો છે. ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામનો વતની હેત જાની નંદાદેવી શિખરની ૨૫,૬૪૩ ફુટ ઊંચાઈને સર કરી સમગ્ર જિલ્લાનું નામ રોશન કરશે. તેમનું આ મિશન તા. ૨૪ મે સુધી ચાલશે.

હેત જાનીને નાનપણથી જ ટ્રેકિંગની ખેવના હતી તેના પગલે તેણે ઉત્તર કાશીના નહેરુ ઈન્સ્ટીટયુટ ઓફ માઉન્ટરીંગની તાલીમ મેળવી હતી. માઉન્ટરીંગની તાલીમના પ્રથમ તબક્કામાં હેત



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

જાનીએ ઉત્તારા ખંડ રાજયમાં ગંગોત્રી નજીકના ભટવાડી ગામ ખાતે સમુદ્ર સપાટીથી આશરે ૯ હજાર ફુટ ઊંચાઈએ આવેલ ચૌરંગી ખાલ કેમ્પ સુધીની ઉંચાઈ સર કરી હતી. આ સિધ્ધિ તેમણે ગત જુલાઈ ૨૦૧૫મા પ્રાપ્ત કરી હતી અને હવે દ્વિતિય તબક્કામાં નંદાદેવી શિખરની ૨૫,૬૪૩ ફુટની ઊંચાઈ સર કરવા જઈ રહ્યો છે. આવનારા ભવિષ્યમાં હેત જાનીની ખેવના 'સાગરમથ્થા' તરીકે પ્રસિધ્ધ વિશ્વના સૌથી ઊંચા શિખર એવરેસ્ટની ૨૯,૦૨૮ ફુટ ઊંચાઈ સર કરવાની ખેવના છે.

નંદાદેવી શિખર ભારતનું બીજા નંબરનું સૌથી ઉંચુ અને વિશ્વનું ૨૩મું શિખર છે જેના પર સૌ પ્રથમ ૧૯૩૪માં અંગ્રેજ અને અમેરિકી પર્વતારોહક ટીમે વિજય મેળવ્યો હતો. નંદાદેવી હિમ શિખરના રસ્તાઓ ખૂબ જ કપરા અને સીધા ચઢાણવાળા છે જેના ચઢાણ વખતે ઓકિસજનની સતત કમી મહેસુસ થાય છે.વળી નંદાદેવીના બંને તરફ ગ્લેશિયર છે અન ચોતરફથી ૭૦ માઈલના બર્ફીલા પહાડોની દિવાલોથી ઘેરાયેલ છે. આથી જ પ્રથમવાર એવરેસ્ટ સર કરનાર સર એડમન્ડ હિલેરી અને તેનઝીંગ થાપાના મતે એવરેસ્ટ કરતા નંદાદેવી સર કરવું વધુ કપરું છે.

હેત જાનીએ નાનપણથી જ મનમાં સજાવેલ સપનાઓને સાકાર કરવા 'નંદાદેવી' શિખર પર ૨૧ હજાર ફુટની ઊંચાઈ સુધી જશે. આ માટે તેની સાથે નહેરુ ઈન્સ્ટીટયુટ ઓફ માઉન્ટરીંગનો તજજ્ઞ સ્ટાફ તાલીમાર્થે હશે. આ એજ ઈન્સ્ટીટયુટ છે કે જયાં 'એવરેસ્ટ' અંગેની ટીવી સીરીયલ અને 'ધ સાયલન્ટ હીરો' નામની ફિલ્મ બની ચુકી છે. હેત જાનીને તેમના અદમ્ય સાહસ બદલ સમગ્ર જિલ્લામાંથી શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે.

# દહેગામના ગુર્જર સિનેમા છાપરામાંથી ૪૯૨ બોટલ વિદેશી દારૂ ઝડપાયો

## પોલીસે ૫૭,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર, તા.૪

દહેગામ સ્થિત ગુર્જર સિનેમા પાસેના છાપરામાં ગાંધીનગર એલ.સી.બી.ની ટીમે દરોડો પાડી છુપાવેલી રૂ. ૫૭,૬૦૦ની કિંમતની ૪૯૨નંગ વિદેશી દારૂની બોટલ ઝડપી પાડી હતી. આ મામલે દહેગામ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર એલ.સી.બી. ના પીએસઆઈ એચ.કે. સોલંકી વિપુલભાઈ વગેરે દહેગામની ગુર્જર સિનેમા પાસે પેટ્રોલિંગમાં હતા. આ દરમિયાન ટીમને વિદેશી દારૂની બાતમી મળી હતી. જે બાતમીના આધારે પીએસઆઈ સોલંકીની આગેવાનીમાં ટીમે બાતમી સ્થળે દરોડો પાડયો હતો અને રહેણાંક છાપરા વિસ્તારમાંથી છુપાવેલો કુલ ૪૯૨ નંગ વિદેશી દારૂની બોટલનો જથ્થો પકડી પાડયો હતો. પોલીસે રૂ. ૫૭,૮૦૦ની કિંમતનો દારૂનો જથ્થો પકડી બુટલેગર સામે દહેગામ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જયારે પોલીસને આરોપી બુટલેગર દિનેશ ઉર્ફે ભૂરો ઉદેસી ઠાકોર સ્થળ પરથી ન મળી આવતા તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## ચિરવિદાય

- સ્વ. બલદેવસિંઘ તારાસિંઘ સંધુ (ઉ.વ.૬૭)
- સ્વ. રાજકુમાર ગોયલ (ઉ.વ.૬૭)
- સ્વ. વિજયસિંહ રણજીતસિંહ ચાવડા (ઉ.વ.૩૬)
- સ્વ. નાયી મધુબેન ગોવિંદભાઈ (ઉ.વ.૭૧)